પ૪૨૨

પ૪૨૨ રૈયત રૂદન.

ગરબાવળી.

દોહરો.

ઘરવેરાના નામથી વર્ત્યો હાહા કાર
સૂર્યપુરી એ હાલમાં, નથી કાઇ વેપાર.

રચીને પ્રસીદ્ધ કરનાર

લલ્લુભાઇ દામોદરદાસ
સોની

"ધી રાઇઝીંગસ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસ, સુરત મોટામંદીરપાસે.

સવંત ૧૯૪૮ સને ૧૮૯૨

કીમ્મત છ પાઇ

ધરવેરો

રૈયત રૂદન.

ગરબાવળી.

ગરબી ૧

ગીરધારીરે વાત કહુ ં તે વીચારો એ રાગ

આવે વેરોરે ધરપર તો દુ:ખદાઇ એવી વાત બધે ચરચાઇ
આગ રેલેરે દીધી ડુબાવી કમાઇ, કેમ જાશે એ બોજ ખમાઇ ટેક

ઝુલ

જુના ખુજરગોના છે હોલરે, મળે દમડીના દેવાને કોલરે
ઢમ ઢોલને માંહેછે પોલરે' ધણા લોકો તો કાઢે દેવાળા બાઇ
કેમજાશે એ બોજ ખમાઇ. ૧

પડે ભારીરે ઇનકમટેકસનો બોજો તેતો મન જરા કાઇ ખોજો.
તેમાં આવેરે ધરવેરાનો મોજો' નહી ખમે પ્રજાતે જોજો

ઝુલ

સોખી દીસે સુરતના લોકરે, ખીસે દીસેના દમડી રોકરે
ફરે ફક્કડ બજારેને ચોકરે, બાડે લાવીરે પેહેરે પોશાક નવાઇ
કેમ જાસે એ બોજ ખમાઇ. ૨

ધણા રવડેરે બીન રોજગારી જન મારે ફાફાં મેળવવા ધન
નથી મળતીરે રોજી ખાવાને અંન તેમાં આવે આ મોટું વીધંન

ઝુલ

સુણો સાણીઓ સુધરાઇ બાઇરે, કહે વીનવી લલ્લુતો ગાઇરે,
કરો રૈયતને સુખદાઇરે, સુણી અરજીરે મન વીચારો કાંઇ

કેમ જાસે એ ખોજ ખમાઇ. ૩

ગરબી ૨.

જાવાદો મને સાને રોકોદો વાટમાં એરાગ.

મળેછે પાણી ટાંકા કુવાના લેહેરમાં
હાંરે નથી જોયતા તે નળ સુરત સેહેરમાં ટેક
તાપીનું નીર પણ આવે પીવામાં
હાંરે નથી ખોટ પાણીનીઠેર ઠેરમાં મલેછે પાણી. ૧
પૈસા ખરચીને વારી લેવું વેચાતું'
હાંરે એમાં લાભ શું થાયે ઘેર ઘેરમાં ૨
ટાંકા કુવાનું પાણી પાસ થયુંછે,
હાંરે નળે લાભ લેવાસે કેમ કેરમાં મલેછે પાણી ૩
રાંકડી રૈયતને સીદને સંતાપો
હાંરેકહે લલ્લુ વીચારે મુળ પેરમાં. મલેછે પાણી ૪

ગરબી ૩.

રસીયા મને જાવા દીજે એરાગ

જુવો જુવો મેંમબરની રીતી
નહી રાખે રૈયત પર પ્રીતી. જુવો જુવો ૧
જ્યારે મેંમબર થવાને ફરતા
ત્યારે ઘેરઘેર જઇ કરગરતા
કહી નીતી ને કરેઅનીતી જુવો જુવો ૨
પ્રજા સોખીન સુરતની ભોળી
નવ સમજી મેંમબરની ટોળી

નહીતો બાંધતે મુળથી ખીટી　　જુવો જુવો ૩
સુણસે અરજી ગવરનર સાણો
સર્વે પ્રજા ધીરજ મંન આણો
તહીઆ નહીચાલે કચરાકીટી　　જુવો જુવો ૪
રાજ અંગ્રેજનુ સુખકારી
સુખેમોજકરે છે નરનારી
કહેલલ્લુ થસેન્યાયનિતી　　જુવો જુવો ૫

ગરબી ૪

પડવાની પડ પ્રીત ગત મત ભુલીરે–એ રાગ

મલે સભાઓ ઠેરે ઠેર કરવા અરજી રે
નહી રાખે રૈયત પર મેહેર દુખાવે મરજીરે　　૧
મળી સભાઓ બારે વાડ રૈયત સારીરે
કીધો મનસુબો મનસાથ ખુબવીચારીરે　　૨
કરી અરજી રાખી રીત દુઃખડું ખોવારે
પણરાખી ન તેપર પ્રીત મેંમબરે જોવારે　　૩
વાંચી ઊપલક ઊપલક વાત નમંનને ઠસાડીરે
મુકી મંજુર કરવામાટ સાહેબ અગાડીતે　　૪
ત્યારે ચડી પ્રજાને દાજ અરજનહી સુણતાંરે
મળ્યા ફરીથી બીજીવાર લોકો ગુણવંતારે　　૫
ગયો મંજુર થાવા ટેકસ ગવરનર પાસેરે
મેલો તારને થાવો પેક નીતો દુ;ખ થાસે　　૬
એમકરી એવો નીરધાર રૈયત યોભીરે

થપે સાહેબ દુ:ખહરનાર નથી તે લોભીરે ૭
ખરો નરતો હરદેવરાંમ સુરત માં સારોરે
કહેલલ્લુ કરે એ કામ પ્રજાને પ્યારોરે ૮

ગરબી ૫

સારૂસારૂરે સુરતસેહેર મુંબઇ અલબેલી એરાગ

સુણોસુણો ગવરનર નેક અરજ હમારીરે
નથી આપવા દમડો એક થયાછે ખુવારીરે ટેક
બોન મરજીએ મેંમબર વર્ગે મંનનું ધાર્યું કરવારે
રૈયતનુ હિત કાંઈનિવ પેખે રાખેછે બે પરવા અરજ ૧
છે કાયદો માહારાણી માનો રૈયતને સુખકારીરે
તેપરમાણે ન્યાય ચુકવસો સાહેબજી સંભારી અરજ ૨
જળના નળની વાત ઊરાડી પણ જાહેરનહી દીસેરે
માટે મંનવીચારી કરજો ન્યાય બરાબર હીંસે અરજ ૩
પેહેલો વેરોઘરનો કાહાડી પાછળથી નળલાવેરે
રાંકડી રૈયત છે સુરતની તેને નહીંએ ફાવે અરજ ૪
સુણીને અરજી કરજો મરજી રૈયતની લાભકારીરે
કહેલલ્લુ જય જય થાસે બહુ સુરતમાં સુખકારી અરજ ૫

(સમાપ્ત.)

જાહેર ખબર.

સર્વ લોકહીત મન પ્રફુલિત
જ્ઞાન વર્ધક.
ભજન સંગ્રહ.

એ નામની ચોપડી બાહાર પડવાનીછે એમાં ધર્મ એ શું છે અને આર્યો એ કેવી રીતે ધર્મ સંપાદન કરવો જોઈએ વીગેરે વીગેરે ઈશ્વર સંબધી તથા સ્રસ્ટી સંબધી તથા બીજા વેહેવારીક બાબતનો સમાવેસ કરેલોછે.

અગાઉથી ગ્રાહક થનાર પાસે કીમ્મત માત્ર ચાર આના લેવામાં આવશે ને અગાઊ નાણાં ભરનારને ત્રણઆને આપવામાં આવસે પાછળથી ગ્રહાક થનાર પાસે કિમ્મત રૂ ૦ાા લેવામાં આવસે દેસાવરના ગ્રહાક પાસે પોસ્ટેજ જુદું.

જે સાહેબોને ગ્રાહક થવું હોય તેને નીચેને સરનામે લખવું

લલ્લુ ભાઈ દામોદર દાસ સોની
ઠા૦ સુરત બેગમ પરા મધ્યે મુંબઈવડ આગળ લખવું